## ગાંધીનગર મને ગમે છે...



**ભદ્રેશ શાહ**
**(ખજાનચી)**
**સેક્ટર-૭/એ વસાહત મંડળ**

ગાંધીનગર ખાતે હું વર્ષો થી રહું છું. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે, અને પાટનગરમાં રહેવાનું કોને ન ગમે? બીજું આ શહેર મને ગમવાનું કારણ એ છે કે એ મારી કર્મભૂમિ રહ્યું છે. માણસને પોતાની જન્મભૂમિની જેમ જ કર્મભૂમિ સાથે પણ એક વિશેષ લગાવ થઈ જાય છે. તેથી પણ ગાંધીનગર મને પોતીકું લાગે છે. મારા પછીની પેઢી તો હવે આ શહેરને જ પોતાનું વતન ગણે છે. સરકારી ફરજ અને કર્તવ્યનિષ્ઠાના બદલામાં જોઈએ તો ગાંધીનગરે મને ઘણી રીતે પુરુષ્કૃત કર્યો છે. જીવનના ઉતારચઢાવની સાથે સાથે આ શહેર મારી પ્રગતિ તથા પદોન્નતિનુ પણ સાક્ષી છે. મારા વ્યક્તિગત વિકાસની સાથે સાથે આ શહેરના વિકાસને પણ હું જોઈ રહ્યો છું. હું જયારે ગાંધીનગર આવ્યો ત્યારે એવી વાતો થતી હતી કે ભવિષ્યમાં ગાંધીનગર અને અમદાવાદ એક થઈ જશે. આજે એ સાચું ઠર્યું છે. માણસનો નોકરીધંધો ભલે અમદાવાદમાં હોય પણ જો તેને તક મળે તો તે ગાંધીનગરમાં રહેવાનું પસંદ કરે છે. અહીં ગુજરાતના દરેક ખૂણેથી, અને હવે તો ગુજરાત બહારના પણ અનેક લોકો જ્ઞાતિજાતિના ભેદભાવ વિના હળીમળીને સાથે રહે છે. ગાંધીનગર નવું વિકસેલું શહેર હોવા છતાં અહીં ઉત્સવો, તહેવારો અને મેળાઓ ઠાઠથી ઉજવાય છે. તેમાંય અષાઢી બીજની રથયાત્રાનો તહેવાર સમગ્ર શહેર ધામધૂમથી મનાવે છે. હું પણ વર્ષો સુધી આ યાત્રામાં સામેલ થયેલો છું અને તેનો આનંદ અને સ્મૃતિ હજી વિસરાતી નથી. ગાંધીનગરમાં જેમજેમ રહેણાંક વિસ્તાર અને વસ્તી વધતા જાય છે તેમતેમ તેનો આંતરમાળખાકીય વિકાસ અને અન્ય સુવિધાઓ વિકસાવવાનું કાર્ય પણ નગરસેવકો તથા શાસકો ધગશથી કરી રહ્યાં છે. જેના કારણે હર્યાભર્યા બાગબગીચાઓ, પહોળા રસ્તાઓ, અન્ડરપાસ, ઓવરબ્રીજ, મેટ્રો રેલ્વે, નવીનવી ઈમારતો, યુનિવર્સિટીઓ જેવી અસંખ્ય સુવિધાઓ આપણાને મળી રહી છે અથવા મળવામાં છે. ગાંધીનગર આપણને બધાને ગમે છે કારણ કે ગાંધીનગર સુંદર, સ્વચ્છ અને હરિયાળું છે. તેનું આ ટાઈટલ બરકરાર રહે તે માટે આપણે સૌ નગરજનોએ પણ ચિંતા કરવી જોઈએ. આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે તેને ક્યારેય ગંદુ કે કદરુપું નહીં થવા દઈએ. વૃક્ષો નુ જતન કરીએ અને આ ગાંધીનગર ની લીલોતરી માં વધારો કરીએ..

## રાજ્યમાં કોરોનાના નવા ૧૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૨ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૫ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૩૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૧૯,૬૪૮ ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ જો કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૦૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૦૬ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૩૫ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. જો કે અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦,૯૪૩ નાગરિકોનાં મોત પણ થઈ ચુક્યાં છે. પરંતુ રાહતના સમાચાર કહી શકાય કે, આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત થયું નથી.

# શહેરમાં અંદાજે ૨ લાખ દૈનિક પાણીપુરીનો વપરાશ

**પાણીપુરીના ભાવમાં ૧૦ થી ૨૦ રૂપિયાનો વધારો : શહેરમાં પાણીપુરીની લારીઓ પર મહિલાઓ ઉપરાંત હવે પુરૂષો પણ મન મુકીને પાણીપુરી ખાય છે**





ગાંધીનગર, તા. ૩

સ્ટ્રીટ ફૂડનું નામ સાંભળતા જ દરેકના મોંમા પાણી આવી જાય છે પછી તે સેવ પુરી, દહીં પુરી કે પાણીપુરી હોય. ખાસ કરીને ગોલગપ્પાનું નામ સાંભળતા જ દરેકનું મન લલચાય છે. કહેવાય છે કે મહિલાઓને પ્રિય હોય છે પાણીપુરી પરંતુ હવે તો પુરૂષો પણ મનભરીને પાણીપુરીનો સ્વાદ માણી રહ્યા છે. જ્યારે નાના બાળકોને પણ આમાં અવગણી ન શકાય. નાના બાળકોને પણ ખૂબ પ્રિય હોય છે આ પાણીપુરી. ત્યારે ગાંધીનગરમાં આવેલી પ્રખ્યાત પાણીપુરીની વાત કરીએ તો શહેરીજનો આ ફેમશ પાણીપુરીવાળી જગ્યાએથી દરરોજની ૨ લાખ જેટલી પાણી પુરી ખાય છે. મોંઘવારીના કારણે પાણીપુરીમાં પણ ભાવ વધારો નોંધાયો છે. જેમાં આ ચટાકેદાર પાણીપુરી ૩૦ રૂપિયાની ૭ મળી રહી છે. જ્યારે વર્ષ પહેલા ૨૦ રૂપિયામાં ૭ પાણીપુરી મળતી હતી. ગાંધીનગરમાં પ્રખ્યાત રાધે સ્વીટ એન્ડ નમકીનમાં પાણીપુરીનો સ્વાદ માણવા માટે શહેરીજનોની લાઈન લાગે છે. શહેરની રાધે સ્વીટ એન્ડ નકમીનની દરેક શાખામાંથી દૈનિક કુલ ૮૦ હજારથી વધુ પાણીપુરી ખાવામાં આવે છે. જ્યારે નાસ્તા માટે પ્રખ્યાત સે.૨૧ પૂજા પાર્લરમાં દૈનિક ૪૦૦૦થી વધુ પાણીપુરીનો સ્વાદ લેવામાં આવી રહ્યો છે અને વૃંદાવનમાંથી દૈનિક ૨૫૦૦થી વધુ પાણીપુરી શહેરીજનો મનભરીને સ્વાદ માણી રહ્યા છે. આ સિવાય શહેરમાં પાણીપુરીની પ્રખ્યાત લારીઓમાંથી દૈનિક એક લાખથી વધુ પાણીપુરીનો વપરાશ થઈ રહ્યો છે. બે વર્ષના અંતરાલ બાદ પાણીપુરીવાળા વેપારીઓમાં આનંદો જોવા મળી રહ્યો છે. કોરોના મહામારી વખતે ઠપ થઈ ગયેલો પાણીપુરીનો ધંધો ફરીથી પાટે ચઢ્યો છે. તેથી રાજસ્થાની મારવાડી ભાઈઓ દ્વારા રાજીખુશીથી પાણીપુરીનો ધંધો કરવામાં આવી રહ્યો છે. આ ચટાકેદાર પાણીપુરી ઉપર મોંઘવારીની અસર થવા છતા સ્વાદપ્રેમીઓ પાણીપુરી ખાવાનું ચૂકતા નથી. કોરોના કાળમાં પણ પાણીપુરી ઘરે બનાવીને શહેરીજનો પાણીપુરી ખાવાનું ચૂક્યા નહોતા. શહેરમાં ફાસ્ટ ફૂડની દુકાનોમાં ચટાકેદાર મોંમા પાણી આવી જાય તેવા ફૂડ મળી રહ્યા છે જેમાં સૌથી વધારે પ્રિય હોય તો તે પાણીપુરી છે. રેગ્યુલર પાણીથી લઈને ગળી, તીખી, ખાટી, ફુદીનાવાળી, લસણવાળી, આંબલીવાળી એમ વિવિધ પ્રકારના સ્વાદમાં પાણીપુરી સૌની પ્રિય છે. જેને ખાવાના ફાયદા પણ છે. આ સાથે મસાલા પુરી, દહીં પુરી, રગડા પેટીસ, સેવ પુરીની ડીશ ખાવાની મજા જ કંઈક અલગ હોય છે. પાણીપુરીમાં નાંખવામાં આવતા વિવિધ સ્વાદના પાણીની સાથે સાથે ચણા-બટાકા, મસાલો, ડુંગળી, વટાણા, સેવ મિક્સ કરીને સ્વાદિષ્ટ બનતી આ પાણી પુરી ખાવાનો આનંદ શહેરીજનો ભરપૂર માત્રામાં લઈ રહ્યા છે. ઘણીવાર તો ભોજનની જગ્યાએ માત્ર પાણીપુરી ખાઈને ધરાઈ જવાય છે. પાર્ટી હોય, લગ્ન પ્રસંગ હોય ત્યાં પાણીપુરી કોર્નરમાં સૌથી વધારે ભીડ જામતી જોવા મળે છે. આમ પાણીપુરી સૌની પ્રિય વર્ષોથી બની રહી છે. અને હાલમાં પાણીપુરીની લારીઓમાં ભીડ જામતી જોવા મળી રહી છે.

### પાણીપુરી ખાવાના ફાયદા

પાણીપુરી ખાવાથી શરીરની પાચનક્રિયા બગડતી નથી. પાણીપુરીમાં સ્વાદ વધારવા માટે ઉપયોગમાં લેવાતા મસાલા પાચનક્રિયા માટે ફાયદાકારક છે. પાણીપુરીનું ચટાકેદાર પાણી એવા મસાલાઓથી તૈયાર થાય છે જે એસિડિટી અને પેટમાં દુ:ખાવા જેવી સમસ્યાઓનો નાશ કરે છે. પાણીપુરીના ચટાકેદાર પાણીનો તીખો અને ખાટો સ્વાદ મોઢામાં પડેલા છાલામાં રાહત અપાવવાનું કામ કરે છે. તેમાં જલજીરા, ફૂદીનો અને આમલી હોય છે જેની તીખાશ અને ખટાશ પેટ સાફ કરવામાં મદદ કરે છે. ઉનાળામાં તરસ વધારે લાગે છે અને થાક પણ વહેલો લાગે છે આવી સ્થિતિમાં માત્ર પાણી પીવાના બદલે થોડી પાણીપુરી ખાવાથી ફ્રેશ હીલ થાય છે. રવાથી બનાવવામાં આવેલી પુરી ખાવાનું ટાળો બની શકે ત્યાં સુધી લોટની બનેલી પુરી ખાઓ. આ સિવાય તેમાં નાખવામાં આવતા મસાલામાં વટાણાના સ્થાને મગ અથવા ચણાની દાળનો ઉપયોગ વધારે ફાયદાકારક સાબિત થાય છે.

# સમાજમાં સમૂહ લગ્ન એટલે નેતૃત્વની શીખવાની શિબિર : દેવુસિંહ ચૌહાણ

**ગાંધીનગરના ઉનાવા ખાતે ગરીબ અને માતા-પિતા વિહોણા એવા ૨૧ યુવક-યુવતીઓના અનોખા સમૂહ લગ્ન યોજાયા : કેન્દ્રિય સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ સહિત રજનીભાઇ પટેલ, ઉપસ્થિત રહ્યાં : સમગ્ર આયોજન સમાજસેવી રાકેશભાઇ ઠાકોર દ્વારા કરાયું**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ખાતે આજે ગરીબ, અનાથ અને માતા-પિતા વિનાના સંતાનો હોય તેવા ઠાકોર સમાજના યુવક યુવતીઓના સમૂહ લગ્નનો એક અનોખો મંગલ અને પવિત્ર અવસર યોજાયો હતો. જેમાં કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવ પરિણીત યુગલોને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ભાજપના મહામંત્રી રજની પટેલ,ગાંધીનગરના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી અડવોકટ આઈ બી વાઘેલા, પૂર્વ ડેલીગેટ્સ ગજેન્દ્રસિંહ ગુલાબસિંહ, મનુજી ભાલજી ઠાકોર સહિતના મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે દેવુસિંહ ચૌહાણે કહ્યું હતું કે "ગ્રામ્ય વિસ્તારમાં સમૂહ લગ્ન એટલે નેતૃત્વની શીખવાની શિબિર સમાન હોય છે કારણ કે સમૂહ લગ્નના આયોજનથી ગામ સમાજમાં એકતા સંવાદિતતામાં વધારો થાય છે, યુવાનો આયોજન કાર્ય શીખે છે અને ગામ આખામાં એક જવાબદારીનો માહોલ ખડો થાય છે.



આજે ગાંધીનગર જિલ્લાના ઉનાવા ખાતે ઠાકોર સમાજના આગેવાન અને સમાજસેવી રાકેશભાઈ ગજેન્દ્રસીંહ ઠાકોરના આયોજન અને પ્રેરણાત્મક સેવા કાર્ય થકી ૨૧ અનાથ અને ગરીબ એવા નવપરિણીત યુગલોના જીવનમાં લગ્ન સંસારના મંગલ ચરણ થકી એક નવી આશા ઉમંગ અને ઉજાસના અજવાળાં પથરાયા હતા. કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે ઠાકોર સમાજના આગેવાન એવા રાકેશ ઠાકોરના આ સેવાયજ્ઞને બિરદાવ્યો હતો અને જણાવ્યું હતું કે "રાકેશભાઈ અને ઠાકોર સમાજના આ અનોખા સેવાકાર્યને પગલે માત્ર ઠાકોર સમાજ જ નહીં પરંતુ સમાજના અન્ય જ્ઞાતિ અને સમાજ માટે પણ એક અનોખી અને સુંદર સામાજિક પ્રેરણા પુરી પાડવામાં આવી છે, જે ખરેખર સરાહનીય છે." સમાજસેવી રાકેશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે "છેલ્લા ઘણા સમયથી ઠાકોર સમાજના ગરીબ અને અનાથ યુવક-યુવતીઓ કે જેઓ માતા-પિતા વિહોણા અને કોઈની છત્રછાયા વિનાના છે તેઓને પરણાવી તેઓને લગ્નજીવનનું મંગલમય સુખ આપવાની એક ઈચ્છા હતી, જે માતાજીની કૃપાથી અને ઈશ્વરના સંકેત અને આશીર્વાદથી આજે પૂર્ણ થતા સમગ્ર ઠાકોર સમાજ અને તમામ આગેવાનો અને કાર્યકરો બધા ખુશ છીએ." તેમણે વધુમાં ઉમેર્યું કે "નવપરણિત દંપતિને તેમના નવા લગ્ન જીવનમાં ઉપયોગી થાય અને તેમને સાંસારિક તબક્કામાં મદદરૂપ બની રહે એ હેતુથી તિજોરી, સોફાસેટ પલંગ, રસોઈ કીટ, મંગળસૂત્ર સહિતના પાંચથી વધુ દાગીના સહિત ૭૦ થી વધુ જુદી જુદી ચીજવસ્તુઓ અને ભેટ-સોગાદો વિનામૂલ્યે કરિયાવરમાં તેઓને અર્પણ કરવામાં આવી છે. એક નવપરિણીત યુગલ દીઠ આશરે ૭૦થી ૭૫ હજાર રૂપિયાની ભેટ સોગાદો અને ચીજ વસ્તુઓ તેઓને અર્પણ કરવામાં આવી છે કે જેથી તેઓ લગ્નજીવનની શુભ શરૂઆત સુખરૂપ રીતે કરી શકે." વધુમાં જણાવ્યું હતું

## યુવા હાસ્ય કલાકારનું યુવાનોને હળવી શૈલીમાં મહત્વનું માર્ગદર્શન



ગાંધીનગર, તા.૦૩

ગુજરાત યુનિવર્સિટી-સેનેટ હૉલ ખાતે તાજેતરમાં એક વ્યાખ્યાનમાળા યોજાઈ હતી જેમાં વ્યસનમુક્તિ, આત્મઘાતની ઘાત ટાળો, પુરુષાર્થ એજ પારસમણી જેવી ગહન બાબતોને હળવી હાસ્ય શૈલીના સથવારે ગાંધીનગરના યુવા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ પ્રસુત કરી હતી. આ કાર્યક્રમમાં બી કે.સ્કુલ ઓફ મેનેજમેન્ટના સર્વેસર્વા ડૉ.મમતા બ્રહ્મભટ્ટના નિમંત્રણને માન આપી દેશના ભાવિ યુવાધન સંગે વ્યક્તિત્વ વિકાસની ખાટી મીઠી વાતો વાગોળવા હરપલસિંહ સાથે ગુજરાતી ફિલ્મ જગતના સુખ્યાત નાયક મલ્હાર ઠાકર પણ ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે પોતાની આવનાર ફિલ્મ "સોનું તને મારા પર ભરોસો નઈ કે"નું પ્રમોશન કરવા સાથે યુવાધન સાથે પ્રશ્નોત્તરી કરી હતી. અત્રે ઉલ્લેખનિય બાબત છે કે ગાંધીનગરના હાસ્યકાર હરપાલસિંહ ઝાલા દ્વારા અવારનવાર સમગ્ર ગુજરાતમાં અનેક કૉલેજો ખાતે વિદ્યાર્થીઓ માટે આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસના અનેક સેમિનારમાં તેમનું વક્તવ્ય આપે છે.

# શહેરમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા યોજાઇ

**જીઇબી કોલોનીથી લઈને કુડાસણના હનુમાનજી મંદિર સુધી 'સ્થાપનાથી વિકાસ' થીમ આધારિત શોભાયાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો-મહિલાઓ જોડાયાં : ૧૧૦૦ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથેની શોભાયાત્રાની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા નોંધ લેવાઇ : મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સહિત માર્ગમાં ધાર્મિક-સમાજિક-સેવાકીય સંસ્થાઓએ સ્વાગત કર્યુ**















ગાંધીનગર, તા. ૦૩

આજે અક્ષય તૃતીયા સાથે ભગવાન પરશુરામની જન્મ જયંતિ ગાંધીનગરમાં ભારે હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવાઇ હતી. આ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગાંધીનગર (રાજય કક્ષા) દ્વારા ભવ્યથીભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જે ગાંધીનગરની સર્વપ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થાન જી.ઇ.બી. કોલોનીથી લઈને કુડાસણના હનુમાનજી મંદિર સુધી 'સ્થાપનાથી વિકાસ' થીમ આધારિત યોજવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનો સહિત બ્રહમસમાજના અગ્રણીઓ બાઈક, કાર અને જીપ જેવા વાહનો લઈને જોડાયાં હતા અને શોભાયાત્રાના સમગ્ર રૂટ દરમ્યાન "જય પરશુરામ", "હર હર મહાદેવ" અને "ભારત માતા કી જય" જેવા ગગનભેદી નારાઓથી વાતાવરણ ગજવી મુક્યું હતું. શોભાયાત્રામાં ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિનભાઇ ત્રિવેદી અને સુનિલભાઇ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં બ્રહ્મ અગ્રણીઓ જોડાયાં હતા.

ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે શહેરમાં યોજાયેલી શોભાયાત્રા "ધર્મભક્તિ સાથે રાષ્ટ્રીય ભક્તિ"ના ઉદ્દેશ સાથે સૌથી લાંબો વિશાળ ૧૧૦૦ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે યોજાઇ હતી જેની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા નોંધ લેવાઇ હતી. આ શોભાયાત્રા સવારે આઠ વાગ્યાથી શરૂ થઈને ગાંધીનગરના અનેક વિસ્તારમાં પસાર થઈ હતી. આ શોભાયાત્રામાં અંગ કસરતો, રાસ ગરબાની ટીમ સહિત પ્રજાપિતા બ્રહ્મકુમારીઝ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ વગેરે જોડાયાં હતા જયારે શોભાયાત્રાનું માર્ગમાં શહેરના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન વગેરે સહિત રાજકિય અગ્રણીઓ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય, પાટીદાર સમાજ, ઉમિયાધામ, રાજસ્થાન સાર્વજનિક સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના યુવા સંગઠનો, ઋષિવંશી સમાજ સેવા સંઘ સહિતની અનેક સંસ્થાઓએ અને ઠેર ઠેર નગરસેવકોએ આ શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. શોભાયાત્રામાં અનેક શ્રદ્ધાળુઓ ભગવાન શિવજી અને ભગવાન પરશુરામ વગેરેના ગેટઅપમાં જોવા મળ્યાં હતા જેમણે ભારે આકર્ષક જમાવ્યું હતું. કેટલીક સંસ્થા દ્વારા શોભાયાત્રામાં જોડાયેલા વાહનચાલકો સહિતના શ્રધ્ધાળુઓ માટે પીવાના ઠંડા મિનરલ પાણીની બોટલોની સેવા પુરી પાડવામાં આવી હતી.